## રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (જૂનાગઢ, આણંદ, નવસારી અને સરદાર કૃષિનગર) માં જૂનીયર કલાર્કની ભરતી પ્રકિયા મોકુફ રાખવા અંગેની અગત્યની જાહેરાત

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (જૂનાગઢ, આણંદ, નવસારી અને સરદાર કૃષિનગર)માં જૂનીયર કલાર્કની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ચારેય કૃષિ યુનિવર્સિટીઓ વતી જાહેરાત આપવાની કામગીરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને ભાગે આવેલ હોઇ, કુલસચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા તા. ૨૫.૧૨.૨૦૧૮નાં રોજ જાહેરાત પ્રસિધ્ધ કરેલ અને ઓન લાઇન અરજી કરવાનો સમયગાળો તા.૨૬.૧૨.૨૦૧૮ થી તા. ૨૫.૦૧.૨૦૧૯ દર્શાવેલ.

પરંતુ ગુજરાત સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખીતેનો તા.૧૪.૦૧.૨૦૧૯થી અમલ કરવાના નિતિ વિષયક નિર્ણયની જાહેરાતને ધ્યાને લઇ **હાલ પુરતી જૂનીયર કલાર્કની ભરતી માટે ઓન લાઇન અરજી કરવાની પ્રકિયા મોકુફ રાખવામાં આવેલ છે.** ગુજરાત સરકારશ્રી દ્વારા બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેની વિગતવાર જોગવાઇને લગતો ઠરાવ પ્રસિધ્ધ થયા બાદ ઉકત સંવર્ગમાં બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને પોતાની ઉમેદવારી નોંધાવવા માટેની તક આપવા ચારેય કૃષિ યુનિવર્સીટીઓની જગ્યાઓમાં **૧૦ % જગ્યાઓ બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે રાખી તે અંગેની સુધારા જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવશે.**

વિશેષમાં જણાવવાનું કે જે ઉમેદવારોએ હાલની જાહેરાત સંદર્ભે ઓન લાઇન અરજી કરી ચુકવણું કરેલ છે તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી તેમજ બિન અનામત વર્ગના જે ઉમેદવારોએ અરજી કરી દિધેલ છે તેઓને પણ ફરીથી અરજી કરવાની રહેશે નહી પરંતુ જો તેઓ ૧૦ ટકા જગ્યા મુજબ આર્થિક અનામતનો લાભ મેળવવાપાત્ર થતા હોય તેવા ઉમેદવારોએ જરૂરી પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જેની અરજી કરેલ,અરજી કરવા ઇચ્છુક ઉમેદવારો તેમજ સંબધિત સર્વેએ નોંધ લેવી. વિશેષમાં કૃષિ યુનિવર્સિટીઓની વેબસાઇટ (www.jau.in અથવા www.aau.in અથવા www.nau.in અથવા www.sdau.edu.in) સમયાંતરે ચેક કરતા રહેવું.

સદરહું જાહેરાત ચારેય કૃષિ યુનિવર્સિટી (જૂનાગઢ, આણંદ, નવસારી અને સરદારકૃષિનગર)ના કુલસચિવશ્રીઓની સંમતીથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**તા. ૧૯.૦૧.૨૦૧૯**

**કુલસચિવ**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ વતી
જુ.કૃ.યુ., જુનાગઢ